Appendix-3

પરિશિષ્ટ : ૬

સંશોધનનાં કેટલાંક વધુ અભ્યાસક્ષેત્રો

ગુજરાતની અર્વાચીન કેળવણીનો ઇતિહાસ સંશોધકો માટે આહ્વાહનરૂપ છે. કેળવણીની 'ગઇકાલ'નાં વિવિધ પાસાં કે કાલખંડોને લક્ષમાં રાખી, એતદ્‌વિષયક વધુ માહિતી પ્રાપ્ત કરી, તેને સંશોધિત સ્વરૂપે રજૂ કરી, ગુજરાતની અર્વાચીન કેળવણીની વિકાસગાથાને સમૃદ્ધ અને સંગીન બનાવવાની જરૂર છે. વિશેષત: આંતરવિધાકીય અભિગમ (Inter disciplinary approach) દ્વારા આવા સંશોધન-અભ્યાસો હાથ ધરાય, એ આવકારદાયક ગણાય. અત્રે આવાં કેટલાંક અભ્યાસક્ષેત્રો સૂચવાયાં છે, જે ગુજરાતની કેળવણીના ઇતિહાસને સંગીન બનાવવામાં મહત્ત્વનો ફાળો આપે એમ છે :

(૧) ગુજરાતી ચરિત સાહિત્યમાં પ્રતિબિંબિત થતા શિક્ષણ વિષયક વિચારો અને વ્યવહારો (૧૯૨૧-૧૯૪૭).

(૨) ગુજરાતી સામયિકોમાં પ્રતિબિંબિત થયેલા સુધારકયુગ, પંડિતયુગ અને ગાંધીયુગના શિક્ષણ વિષયક વિચારો અને વ્યવહારોનો તુલનાત્મક અભ્યાસ.

(૩) ઓગણીસમી સદીનાં ગુજરાતી સામયિકોમાં પ્રતિબિંબિત થયેલા શૈક્ષણિક પ્રશ્નો અને પ્રવાહોનો અભ્યાસ.

(૪) વીસમી સદીના પૂર્વાર્ધનાં ગુજરાતી સામયિકોમાં પ્રતિબિંબિત થયેલા શૈક્ષણિક પ્રશ્નો અને પ્રવાહોનો અભ્યાસ.

(૫) ગુજરાતના કેળવણીકારો : તેમનું શૈક્ષણિક દર્શન અને પ્રદાન.

(૬) ગુજરાતની અર્વાચીન કેળવણીના વિકાસમાં સમાજસુધારકો અને સાહિત્યકારોનાં પ્રદાન.

(૭) બ્રિટિશયુગમાં શિક્ષણ પામેલી અને શિક્ષણમાં પડેલી વ્યક્તિઓનાં શિક્ષણ વિષયક નિરીક્ષણોનો અભ્યાસ (પ્રત્યક્ષ મુલાકાત પર આધારિત)

(૮) ગુજરાતમાં સામાજિક-ધાર્મિક પરિવર્તનની પ્રક્રિયાને વેગ આપવામાં શિક્ષણ અને શિક્ષકોનાં યોગદાન.

(૯) ગુજરાતના લોકજીવન પર નવી કેળવણીએ કરેલી અસરોનો અભ્યાસ.

(૧૦) ગુજરાતમાં વિકસેલા શૈક્ષણિક દર્શનનો વિવેચનાત્મક અભ્યાસ.

(૧૧) ગુજરાતમાં રાષ્ટ્રીય કેળવણીનાં ઉદ્‌ગમ, વિકાસ અને સિદ્ધિ-મર્યાદાઓનો અભ્યાસ.

(૧૨) ગુજરાતમાં પૂર્વપ્રાથમિક શિક્ષણના ઉદ્‌ગમ, વિકાસ અને સમસ્યાઓનો અભ્યાસ.

(૧૩) ગુજરાતમાં છાત્રાલયપ્રવૃત્તિના ઉદ્‌ગમ, વિકાસ અને સમસ્યાઓનો અભ્યાસ.

(૧૪) ગુજરાતમાં પુસ્તકાલયપ્રવૃત્તિના વિકાસ અને પ્રશ્નોનો અભ્યાસ.

(૧૫) ગુજરાતમાં હરિજનોની કેળવણીનો વિકાસલક્ષી અભ્યાસ.

(૧૬) ગુજરાતમાં આદિવાસીઓની કેળવણીનો વિકાસલક્ષી અભ્યાસ.

(૧૭) ગુજરાતમાં કન્યાકેળવણી અને સ્ત્રીકેળવણીનો વિકાસલક્ષી અભ્યાસ.

(૧૮) કન્યાકેળવણી અને સ્ત્રીકેળવણીની કુટુંબજીવન પર થયેલી અસરોનો અભ્યાસ.

(૧૯) સરકારની શૈક્ષણિક નીતિમાં થતાં પરિવર્તનોની ગુજરાતની કેળવણી પર થયેલી અસરોનો અભ્યાસ.

(૨૦) ગુજરાતનાં કેટલાંક ભૂતપૂર્વ દેશીરાજ્યોની પૂર્વસ્વાતંત્ર્ય શિક્ષણસિદ્ધિઓનો અભ્યાસ.